**GJSK180010582022**

રજી.તારીખ : ૧૫–૧૦–૨૦૨૨
દાખલ તારીખ :૧૫–૧૦–૨૦૨૨
ફેંસલ તારીખ : ૨૧–૧૦–૨૦૨૨

**ઈડરના મે. સ્પેશ્યલ (એસીબી) જજ અને બીજા એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મું.ઈડર.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૫૦૮/૨૦૨૨**
**આંક :–**

મુકેશકુમાર સેતાનદાન ગઢવી ઉ.વ.આ.૩૫
રહે. ટોકરા (મેવાકમ્પા), તા.વડાલી,
જી.સાબરકાંઠા. **...અરજદાર/આરોપી**

વિરૂધ્ધ

શ્રી સરકાર **...સામાવાળા**

**બાબત :– ક્રિ.પ્રો.કો.કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી.**

---

**અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી બી.એન.ગઢવી**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી પી.જે.સોની**

---

**–:: ઠરાવ ::–**

**(૧)** જામીન અરજી વંચાણે લીધી. પોલીસ પેપર્સ વંચાણે લીધાં. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા. સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીને સાંભળ્યા.

**(૨)** હાલના અરજદાર/આરોપી તરફે હિંમતનગર એસીબી પો.સ્ટે.ગુ.ર.નં.૦૩/૨૦૨૨, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, સુધારા, ૨૦૧૮ ની કલમ–૭, ૧૨, ૧૩(૧)(અ) તથા ૧૩(૨) મુજબના ગુન્હાના કામે જામીન ઉપર મુકત થવા હાલની અરજી કરેલ છે. અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન પર મુકત થવા માટેના જે કારણો જણાવેલ છે તે તમામ અરજીમાં લેખિત

સ્વરૂપે ઉપલબ્ધ હોઈ તથા આ હુકમ તે અરજી સંલગ્નનો જ હુકમ હોઈ, તે તમામ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી. પરંતુ, તમામ કારણો વંચાણે અને ધ્યાને લીધેલ છે.

(૩) પોલીસ પેપર્સ વંચાણે લેતાં, અરજદાર/આરોપી સામેના મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં, ફરીયાદીને પ્લોટની સનદની જરૂર હોઈ, તે સનદ આપવા સારૂ આરોપી નં.૧ નાઓએ આરોપી નં.ર મારફતે ફરીયાદી પાસે રૂા.૩૫,૦૦૦/- ની માગણી કરતા હોઈ, જે લાંચની રકમ ફરીયાદી બન્ને આરોપીઓને આપવા માગતા ન હોઈ, ફરીયાદીએ બનાસકાંઠા એસીબી પો.સ્ટે. પાલનપુરના પો.ઈન્સ. શ્રી એન.એ.ચૌધરીને તા.ર૭-૯-ર૦રર ના રોજ ફરીયાદ આપતાં, ફરીયાદીની ફરીયાદ આધારે તા.ર૭-૯-ર૦રર ના રોજ બે સરકારી પંચો સાથે રાખી ગામ માથાસુર, તા.ઈડર ખાતે ખેડબ્ર હમાથી અમદાવાદ જતા હાઈવે રોડ ઉપર લોખંડવાલા કોમ્પલેક્ષ આગળ લાંચના છટકાનુ આયોજન કરતાં, લાંચના છટકા દરમ્યાન બન્ને આરોપીઓ પંચ નં.૧ રૂબરૂ ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી, આરોપી નં.ર નાએ ફરીયાદીને લાંચના નાણાં આરોપી નં.૧ ને આપી દેવા જણાવતાં, ફરીયાદીએ લાંચના નાણાં આરોપી નં.૧ સામે ધરતાં, આરોપી નં.૧ એ પોતાના જમણા હાથે ફરીયાદી પાસેથી લાંચના નાણા રૂા.૩૫,૦૦૦/- સ્વીકારી પોતાના પહેરેલ પેન્ટના પાછળના ગજવામાં મુકી, એકબીજાની મદદગારી કરી, બન્ને આરોપીઓએ સ્થળ ઉપર પકડાઈ જઈ ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૪) જયાં સુધી હાલની અરજીના અનુસંધાને બન્ને પક્ષની દલીલનો પ્રશ્ન છે ત્યાં સુધી સૌ પ્રથમ અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની દલીલ સાંભળતાં તેઓએ તેમની દલીલમાં ભારપુર્વક રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી તા.૩-૧૦-ર૦રર ના રોજથી જયુડી. કસ્ટડીમાં છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરી હાલની આ ફરીયાદ કરેલ છે. અરજદાર/આરોપીએ ફરીયાદ મુજબ કોઈ કૃત્ય કરેલ નથી, તેમજ ફરીયાદમાં જણાવેલ હકીકત બાબતે કશું જાણતા નથી. અરજદાર/આરોપી સામે ધ્વેષભાવ રાખી ગુન્હાના કામે ખોટી રીતે સંડોવેલ છે. અરજદાર/આરોપીએ ફરીયાદી પાસેથી આક્ષેપિત રકમની કોઈ જ માગણી કરેલ નથી કે તેમની પાસેથી આક્ષેપિત રકમ મળી આવેલ નથી. અરજદાર/આરોપી સ્થાનિકના રહેવાસી છે અને ત.ક.અમલદારને તપાસમાં સંપુર્ણ સહકાર આપવાની ખાતરી આપે છે. ગુન્હાનો પ્રકાર અને સજાની જોગવાઈ જોતાં આજીવન કેદની સજાની જોગવાઈનો ગુન્હો નથી. નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે.તપાસ કરનાર અધિકારી તપાસના કામે જયારે અને જયાં બોલાવશે ત્યાં અને ત્યારે હાજર રહી તપાસમાં સાથ સહકાર આપવાની ખાતરી આપે છે. જેથી અરજદાર/આરોપીને શરતોને આધિન યોગ્ય રકમના રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ભારપુર્વક દલીલ કરેલી છે.

(૫) જયાં સુધી શ્રી સરકાર તરફેની દલીલનો પ્રશ્ન છે ત્યાં સુધી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ હાલની જામીન અરજીનો દલીલ કરી સખત વિરોધ કરી ભારપુર્વક રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ફરીયાદી પાસેથી લાંચની રકમની માગણી કરી, સ્વીકારી અને પકડાઈ જઈ ગંભીર પ્રકારનો સમાજ વિરોધી ગુન્હો આચરેલ છે. વળી, આ

કામના આરોપીએ છટકા અગાઉ તથા છટકા દરમીયાન ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરેલ છે અને ફરીયાદી પાસેથી લાંચની રકમ મેળવી સ્વીકારેલ છે અને સદર રકમ પંચો રૂબરૂ રીકવર થયેલ છે. અરજદાર/આરોપી સામે કોઈ ખોટો કેસ કરેલ નથી. અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ છે. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા દલીલમાં જણાવેલ છે.

(૬) તપાસ કરનાર અમલદારશ્રીએ સોગંદનામામાં એ હકીકત દર્શાવેલ છે કે, લાંચના છટકા પહેલાં આરોપીઓએ ફરીયાદી પાસે કરેલ લાંચની માગણી સબબ ગોઠવેલ છટકા દરમ્યાન અરજદાર/આરોપીએ પોતાના જમણા હાથે સ્વીકારી લઈ પહેરેલ પેન્ટના પાછળના ગજવામાં મુકેલ છે. જે ફરીયાદી પાસેના ઓડીયો/વીડીયો રેકોર્ડમાં થયેલ રેકોર્ડીંગ મુજબ તમામ સંવાદ પંચો રૂબરૂ જોતાં સાંભળતાં હેતુલક્ષી જણાયેલ છે અને પંચનામામાં લખવામાં આવેલ છે. બન્ને આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં લાંચના નાણા રૂા.૩૫,૦૦૦/- ફરીયાદીપાસેથી સ્વીકારી ગુન્હો કરેલ છે. અરજદાર/આરોપીએ ફરીયાદી પાસેથી અગાઉ પણ જંત્રી ભરવાના બહાના હેઠળ રૂા.૩૫,૦૦૦/- લીધેલાની હકીકત ફરીયાદીની ફરીયાદ તેમજ પંચનામામાં આલેખેલ સ્ક્રીપ્ટના ફરીયાદી તેમજ આરોપી વચ્ચેના સંવાદોમાં સ્પષ્ટ જણાઈ આવે છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર આક્ષેપ છે તેમજ પ્રથમ દૃષ્ટિએ લાંચની માગણી, સ્વીકાર અને રીકવરી સ્પષ્ટ રીતે જણાઈ આવેલ છે. આ ગુન્હાની તપાસ હાલ પ્રાથમિક તબકકામાં છે. અરજદાર/આરોપી વર્ગ-૩ તલાટીના હોદ્દા ઉપર રહીને આ ગુન્હાની પ્રવૃતિ આચરેલ છે. ભ્રષ્ટાચારનો ગુન્હો સામાજીક દુષણ બની ગયેલ છે. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત ન કરવા જણાવેલ છે.

(૭) બન્ને પક્ષો તરફેની મૌખિક રજુઆતો બાદ કાયદાકીય સ્થિતિ અંગે પણ જોતાં કોઈપણ બિનજામીનપાત્ર ગુન્હાના કામમાં આરોપીને જામીન ઉપર મુકત કરવો કે કેમ ? તે બાબત ક્રિ.પ્રો. કો.કલમ-૪૩૯ ની જોગવાઈ મુજબ અદાલતની વિવેકબુધ્ધિની સત્તાને આધીન છે. પરંતુ, આવી વિવેકબુધ્ધિની સત્તા મનસ્વી રીતે ન વાપરતાં કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મર્યાદાઓમાં રહીને વાપરવી પણ આવશ્યક છે.

(૮) આ કામે કેસ પેપર્સ ધ્યાને લેતાં, આ કામના અરજદાર/આરોપી તલાટી છે અને ફરીયાદીને પ્લોટમાં બાંધકામ કરવા અંગે લેખિત મંજુરી તથા ચર્તુસીમાનો દાખલો આપી જણાવેલ કે, પ્લોટની સનદ હું પંદરેક દિવસમાં તૈયાર કરી તમોને આપી દઈશ. જેથી ફરીયાદીએ મકાન બાંધવા અંગેની કામગીરી શરુ કરેલી અને એકાદ મહીનો થવા છતાં અરજદાર/આરોપીએ સનદ આપેલ નહી. જેથી ફરીયાદીએ અરજદાર/આરોપીના મોબાઈલ ઉપર ફોન કરતાં જણાવેલ કે, મારે દરખાસ્ત આગળ મોકલવાની છે તો થોડોક સમય લાગશે. ત્યારબાદ અરજદાર/આરોપીએ જણાવેલ કે, તમારે સનદ મેળવવા માટે જંત્રી ભરવી પડશે. જેથી ફરીયાદીએ કહેલ કે, અગાઉ મેં રૂા.૩૫,૦૦૦/- આપી દીધેલ છે. જેથી અરજદાર/આરોપીએ કહેલ કે, આ સિવાય પણ બીજા આપવા પડશે. જેથી ફરીયાદીએ પુછેલ કે, હવે કેટલા આપવા પડશે તો અરજદાર/આરોપીએ કહેલ કે, હું તમોને પછી કહીશ કાં તો સરપંચ બાલુભાઈને મળી લેજો. ત્યારબાદ ફરીયાદીએ અવારનવાર અરજદાર/આરોપીને ફોન કરતાં ફોન રીસીવ કરેલ નહી કે પંચાયતમાં રૂબરૂ મળેલ નહી. જેથી ફરીયાદીએ ગામના સરપંચ

બાલુભાઈ વણજારાને તા.૨૬–૯–૨૦૨૨ ના રોજ ફોન કરી સનદ અંગેની વાતચીત કરતાં તેઓને સવારના રૂબરૂ મળવાનુ જણાવેલ. ત્યારબાદ સરપંચ બાલુભાઈનો ફરીયાદીના મોબાઈલ ઉપર ફોન આવેલ અને જણાવેલ કે, હું તલાટીના ઘરે જ બેઠો છુ અને તમારા પ્લોટની સનદ અંગે બધી વાતચીત કરી લીધી છે અને તમારે પાંત્રીસ હજાર જેટલા આપવાના થશે. જેથી ફરીયાદીએ આજે પતાવી દો તો તમોને સનદ શુક્રવારના દિવસે મળી જશે તેમ જણાવેલ અને અડધા પૈસા હાલ આપુ છુ અને બાકીના બે ચાર દિવસમાં આપી દઈશ તેમ કહેલ. ત્યારબાદ અરજદાર/આરોપીએ કહેલ કે, વડાલી વિજયનગર ત્રણ રસ્તા આવીને મને ફોન કરજે. આમ, અરજદાર/આરોપી તથા સરપંચ બાલુભાઈને ફરીયાદી નાણાં આપવા માગતા ન હોવાથી હાલની ફરીયાદ કરેલાનુ જણાવેલ છે.

**(૯)** પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, ફરીયાદી પાસે અરજદાર/આરોપી મુકેશકુમાર ગઢવી રૂા.૩૫,૦૦૦/– ની માગણી કરતા હોઈ, અને તેઓને લાંચના પૈસા આપવા ન હોઈ, તેઓએ લેખિત ફરીયાદ બનાસકાંઠા એસીબી પો.સ્ટેશનના પો.ઈ.શ્રીને આપેલી. સદરહુ ફરીયાદ આપ્યા બાદ એસીબી પોલીસ દ્વારા ટ્રેપ ગોઠવવામાં આવેલી અને સદરહુ લાંચની રકમ સ્વીકારતાં બન્ને આરોપીઓ રંગેહાથે પકડાઈ ગયેલા. આમ, છટકા દરમીયાન અરજદાર/આરોપી મુકેશકુમાર ગઢવી તથા સહઆરોપી બાલુસીંગ વણજારા નાઓ હાજર હતા અને સ્થળ ઉપરથી બન્ને આરોપીઓને એસીબી પોલીસે લાંચની રકમ રૂા.૩૫,૦૦૦/– સ્વીકારતાં પકડી લીધેલ છે.

**(૧૦)** પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, લાંચની રકમ બાબતે અરજદાર/આરોપીને ફરીયાદી જોડે વાતચીત કરેલી તે હેતુલક્ષી વાતચીતની સીડી, રેકોર્ડીંગ તદ્ઉપરાંત લાંચની રકમ સ્વીકારતા દરમીયાન પણ ફરીયાદી તથા આરોપી વચ્ચે જે વાતચીત થયેલી તેનુ રેકોર્ડીંગ થયેલ છે. આમ, અરજદાર/આરોપીએ લાંચની રકમ રૂા.૩૫,૦૦૦/– ની માગણી કરેલી અને લાંચની રકમ ફરીયાદીને આપવી ન હતી તે કારણસર એક જાગૃત નાગરિક તરીકે ફરીયાદીએ એસીબી પોલીસ, પાલનપુરનો સંપર્ક કરી લેખિત ફરીયાદ કરેલ છે અને તેના અનુસંધાને ફરીથી ફરીયાદી અને અરજદાર/આરોપીના મોબાઈલ ફોન ઉપર લાંચની રકમ અંગે હેતુલક્ષી વાતચીત થયેલી છે અને ત્યારબાદ એસીબી પોલીસ દ્વારા ટ્રેપ ગોઠવતાં બન્ને આરોપીઓ હાજર હતા અને અરજદાર/આરોપીએ લાંચની રકમ સ્વીકારી પોતાના પેન્ટના જમણા ખિસ્સામાં મુકેલી અને તે વખતે લાંચની રકમ રૂા.૩૫,૦૦૦/– સ્વીકારતાં બન્નેને એક સાથે પોલીસે ગુન્હાના કામે અટક કરેલ છે.

**(૧૧)** આમ, ઉપરોકત પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, હાલના અરજદાર/આરોપીએ સહઆરોપી સાથેની મદદગારીમાં ફરીયાદી પાસેથી બાંધકામની સનદના સંદર્ભે તેઓનો કોઈ હકક, અધિકાર ન હોવા છતાં ગેરકાયદેસર રીતે લાંચની રકમની માગણી કરી અને તેઓ રૂા.૩૫,૦૦૦/– સ્વીકારતાં પકડાઈ ગયેલ છે. વધુમાં, અરજદાર/આરોપી તલાટી કમ મંત્રી છે અને સરપંચ પોતે જન પ્રતિનિધિ છે અને તેઓની ફરજમાં ગામનો વિકાસ કરવાનુ તેમની ફરજમાં આવે છે અને જયાં પણ આ રીતે લાંચ રૂશ્વત ચાલતી હોય તે અટકાવવાની પોતાની ફરજ છે. તેમ છતાં તેઓએ પોતે જન પ્રતિનિધિ હોવા છતાં ગામલોકો પાસેથી મકાનના બાંધકામની સનદ માટે લાંચની રકમની માગણી કરી અને

સ્વીકારતા હોય તેવા સંજોગોમાં ગુન્હાની ગંભીરતા ખુબ જ વધી જાય છે અને હાલમાં દરેક સરકારી ઓફીસોમાં લાંચ એક કેન્સરની બિમારીની માફક ફેલાઈ ગયેલ હોઈ, તેથી તેને હળવાશથી લેવામાં આવે તો આવા અસામાજિક અને અનૈતિક કૃત્યો કરનારને પ્રોત્સાહન મળશે અને સામાન્ય લોકોમાં કાયદા પ્રત્યે વિશ્વાસ ઉઠી જશે. આમ, ઉપર મુજબની વિગતે તેમજ રજુ પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી સામેનો ગુન્હો સમાજ વિરોધી છે અને આ પ્રકારના ગુન્હાઓ આચરતા ઈસમો પ્રત્યે કોઈપણ રીતે કુણુ વલણ અપનાવી શકાય નહી અને આવા ગુન્હાઓ કરતા ઈસમોને જો જામીન ઉપર મુકત કરી દેવામાં આવે તો તેની સમાજ ઉપર વિપરીત અસરો ઉભી થાય છે, તેમજ આ પ્રકારના ગુન્હાઓ કરનારા ઈસમોને છુટો દોર મળી જાય. વધુમાં ગુન્હાની તપાસ પ્રાથમિક તબકકામાં છે. જેથી અરજદાર/આરોપી સામેના ગુન્હાની ગંભીરતા, ગુન્હાની સજાકીય જોગવાઈ વિગેરે હકીકતો ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વ્યાજબી અને ન્યાયી જણાતુ ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**-:: હુકમ ::-**

૧. આથી આ કામના અરજદાર/આરોપી **મુકેશકુમાર સેતાનદાન ગઢવી,** રહે.ટોકરા (મેવાકમ્પા), તા.વડાલી, જી.સાબરકાંઠા વાળાની હાલની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૯ અન્વયે હિંમતનગર એસીબી પો.સ્ટે.ગુ.ર.નં.૦૩/૨૦૨૨, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, સુધારા, ૨૦૧૮ ની કલમ-૭, ૧૨, ૧૩(૧)(અ) તથા ૧૩(૨) મુજબના ગુન્હાના કામે કરેલ રેગ્યુલર જામીન પર મુકત થવાની ફોજદારી પરચુરણ અરજી નં.૫૦૮/૨૦૨૨ આથી **નામંજૂર** કરવામાં આવે છે.

૨. પોલીસ પેપર્સ વિ.એ.પી.પી.શ્રીને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૧મી માહે ઓકટોબર, સને-૨૦૨૨ નારોજ મારી સહી કરી ખુલ્લી અદાતમાં જાહેર કર્યો.

**(સવાઈસિંહ મોહનસિંહ રાજપુરોહિત)**
જીજે૦૦૫૪૪
સ્પેશ્યલ (એસીબી) જજ અને
બીજા એડીશનલ સેશન્સ જજ, ઈડર.

//BSP//